દાખલ તારીખ : ૨૩/૦૯/૧૦
રજી.કર્યા તારીખ : ૨૩/૦૯/૧૦
નિકાલ તારીખ :૨૫/૧૧/૨૩
**સમય : વર્ષ –માસ–દિવસ**

---

**ગોધરાની શ્રમ અદાલતના પ્રમુખ અધિકારીશ્રી એચ.એ.મકા સાહેબ સમક્ષ.મું.ગોધરા**

---

**રેફરન્સ (ટી.)નં.૨૨૨/૨૦૧૦**
**આંક: ૧૭**

**પ્રથમ પક્ષકાર : –** નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી,
ભાદર નહેર વિતરણ પેટા વિભાગ,
લુણાવાડા,જી.મહીસાગર.

**– :: વિરુધ્ધ :: –**

**બીજા પક્ષકાર :–** શ્રી વિરાભાઈ ધુળાભાઈ માલીવાડ
મુ.મોરના તલાવ,પો.ભાદરોડ,
તા.ખાનપુર,જી.મહીસાગર.
C/O ગુજરાત લેબર ફેડરેશન,કાલોલ,જી.પંચમહાલ.

**પ્રતિનિધિત્વ :–**
પ્રથમ પક્ષકારો તરફે :– વિધ્વાન વકીલશ્રી ડી.જી.પી.આર.એસ.ઠાકોર
બીજા પક્ષકાર તરફે :– વિધ્વાન પ્રતિનિધિશ્રી એ.એસ.ભોઈ

---

**વિષય :– ઔધોગિક વિવાદ ધારા ૧૯૪૭ ની કલમ–૧૦(૧)હેઠળ ન્યાય નિર્ણય કરવા બાબત...**

---

**– :: એવોર્ડ ::–**

(૧) આ કામના પક્ષકારો વચ્ચે ઉદભવેલ ઔધોગીક તકરારની ફરીયાદ સંબધે મદદનીશશ્રમ આયુકતશ્રી, ગોધરા તરફથી તેઓના તા.૨૧/૦૯/૨૦૧૦ ના હુકમ નંબર–કે.એચ./એસ.એચ.એમ.સી./ગો./૭૧૭૮ થી અત્રેની મજુર અદાલત,ગોધરાને ન્યાય નિર્ણય અર્થે સુપ્રત કરવામાં આવેલ છે જેની અનુસુચિ નીચે મુજબ છે.

**– :: અનુસુચિ :: –**

**શ્રી વિરાભાઈ ધુળાભાઈ માલીવાડને તેમની મુળ જગ્યાએ પડેલા દિવસોના પુરેપુરા પગાર સહીત નોકરીમાં પુન:સ્થાપિત કરવા જોઈએ કે કેમ?**

(૨) આ કામે બીજા પક્ષકારે તેમનું માંગણાનું નિવેદન આંક-૫ થી રજુ કરેલ છે.બીજા પક્ષકારે તેમના માંગણાના નિવેદનમાં જણાવેલ છે કે,પ્રથમ પક્ષકારનો સમાવેશ ઉદ્યોગમાં થાય છે.બીજા પક્ષકાર પ્રથમ પક્ષકારના તાબા હેઠળ અગાઉ ચાલતા જે તે સમયના ભાદર ડેમ સાઈટ પર ફેબ્રુઆરી-૧૯૭૯ થી રોજમદાર મજુર તરીકે ફરજમાં થયા હતા તે સમયે ભાદર ડેમના બાંધકામ ઉપરાંત ભાદર કોલોની બનાવવાની ભાદર ઓફીસ સીમેન્ટના રોડ,નાળા વિગેરે તથા તેના મેઈન્ટેનન્સની કામગીરી લેવામાં આવતી હતી જે કામગીરી પૂર્ણ થતા મેશનરી ડેમની કામગીરી કરેલ અને ત્યારબાદ ભાદર નહેર પેટા વિભાગનં.૨,૪ તથા નં.૬ અને ૭ ના વિભાગમાં પણ કામગીરી કરેલ અને છેલ્લે કામનુ ભારણ ઓછુ થતા તમામ સ્ટાફ-રોજમદાર મજુર તેમજ નોકરીને લગતા તમામ દસ્તાવેજો સહીત ના.કા.ઈજનેરશ્રી ભાદર નહેર વિતરણ પેટા વિભાગ લુણાવાડાને સુપ્રત કરવામાં આવેલા છે.બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં હાજર થયા ત્યારથી તેઓને કોઈ નિમણુંકપત્ર,હાજરી કાર્ડ,ઓળખપત્ર,રજાનું કાર્ડ, પગાર સ્લીપ કે છુટા કર્યા ત્યાં સુધી કોઈ કાયમી નિમણુંકપત્ર કે નોકરીને લગતા દસ્તાવેજો નિયમોનુંસાર આપવા જોઈતા હતા તે આપેલા ન હતા.બીજા પક્ષકાર સતત આઠ કલાક કરતા વધુ સમયની અને માસના પુરા દિવસોની કામગીરી કરતા હતા તે પેટે લઘુતમ વેતન મુજબનો પગાર બીજા પક્ષકારને ચુકવવામાં આવતો હતો અને રજાના દિવસે પણ બીજા પક્ષકાર પાસે કામગીરી લેવામાં આવતી હતી તે કામગીરીનો ખર્ચ અન્ય હેડે ઉધારતા હતા. બીજા પક્ષકારની નોકરીના અરસા દરમ્યાન તેમની ચાલતી જુદી જુદી બીટોમાં બીજા પક્ષકારને કામગીરી સોંપતા હતા તે સમયે બીજા પક્ષકારના ના.કા.ઈજનેર તરીકે શ્રી સોની સાહેબ,શ્રી એસ.એલ.પટેલ સાહેબ,શ્રી પરમાર સાહેબ,જુનીયર ઈજનેર શ્રી બારોટા સાહેબ,સુપરવાઈઝર તરીકે શ્રી પંચાલ સાહેબ,શ્રી વી.એ. નાયક,શ્રી ટી.જે.ગાંધી,શ્રી પાઠક સાહેબ તથા મસ્ટર કારકુન શ્રી એસ.એમ.પટેલ,શ્રી એમ.એ.પ્રજાપતી,શ્રી જે.કે.સુથાર,શ્રી વ્હોરા,શ્રી આર.એલ.ડામોર વિગેરે હાજરી પુરતા હતા અને હાજરી પુરી તે મસ્ટરમાં બીજા પક્ષકારનો પગાર ઉધારી પગાર ચુકવવામાં આવતો હતો અને ઘણીવાર એચ.આર.(હેન્ડરીસીપ)પર અને ખાતાકીય કામોના વાઉચરોમાં ઉધારી પગાર ચુકવતા હતા અને ઘણીવાર કોન્ટ્રાકટના કામોમાં પણ બીજા પક્ષકારની હાજરી પુરી પગાર ચુકવતા હતા.આમ બીજા પક્ષકારે પ્રથમ પક્ષકારની સંસ્થામાં ફેબ્રુઆરી-૧૯૭૮ થી સને-૧૯૮૫ સુધી સતત-સળંગ અને એકધારી બ્રેક સિવાયની ફરજ બજાવેલી છે અને ત્યારબાદ સને-૧૯૮૬ થી સને-૧૯૯૮ સુધી તુટક તુટક જુદા જુદા વિભાગોમાં કામગીરી બીજા પક્ષકાર કરતા હતા.આમ બીજા પક્ષકારે સતત,સળંગ અને એકધારી બ્રેક સિવાયની ફરજ

બજાવેલી છે.બીજા પક્ષકારની નોકરીના અરસા દરમ્યાન જે તે સમયના ભાદર નહેર વિભાગનં.૨,૪,૬ અને ૭ ના વિભાગોમાં કામનું ભારણ ઓછુ હોવાના કારણે તેની સાથે સંકળાયેલ જુદા જુદા વિભાગોમાં કામો સમાવી લેવામાં આવતા હતા અને તે જગ્યાએ બીજા પક્ષકાર પાસે કામગીરી લેવામાં આવતી હતી અને છેલ્લે આ વિભાગના તમામ રોજમદાર,મજુરો,સ્ટાફ,કર્મચારીઓ તથા દસ્તાવેજ સહીતનો સંપૂર્ણ હવાલો ના.કા.ઈજેનરશ્રી,ભાદર નહેર વિતરણ પેટા વિભાગ,લુણાવાડાને સુપરત કરેલ છે.બીજા પક્ષકારને કામનુ ભારણ ઓછુ હોવાના બહાના હેઠળ સીનીયોરીટીનુ ધ્યાન દોર્યા સિવાય સને-૧૯૯૮ થી ગેરકાયદેસર રીતે કોઈ પણ જાતના વ્યાજબી કારણો સિવાય મૌખિક હુકમથી છુટા કરી દીધેલ. બીજા પક્ષકારે હાજર થયા ત્યારથી પ્રથમ પક્ષકાર સંસ્થામાં સતત, સળંગ,અતુટ અને બ્રેક સિવાયની સળંગ નોકરી કરી દરેક વર્ષોમાં ૨૪૦ દિવસ કરતા વધુ દિવસની કામગીરી કરેલ છે,જે અંગેના તમામ દસ્તાવેજો પ્રથમ પક્ષકારના કબજા હેઠળ છે.બીજા પક્ષકારને છુટા કરતા સમયે તે અંગે કોઈ વળતર ચુકવેલ નથી કે કોઈ નોટીસ,નોટીસ પગાર પણ ચુકવેલ નથી અને તેઓએ આઈ.ડી.એકટની કલમ ૨૫(એચ)અને ૨૫(એફ)નો ભંગ કરી નોકરીમાંથી બીજા પક્ષકાર ને નોકરીમાંથી છુટા કર્યા બાદ તેમની પાસે ફરજમાં રાખી લેવા વિનંતી કરવા છતા નોકરીમાં રાખવામા ખોટા આશ્વાસનો આપી સમયે લંબાવેલ છે જેના કારણે કેસ દાખલ કરવામાં વિલંબ થયેલ જે વિલંબ મદદનીશ શ્રમ આયુકત સમક્ષ માફ કરાવી હાલનો રેફરન્સ થયેલ છે. હાલમાં પ્રથમ પક્ષકાર સંસ્થા વિભાગોની કામગીરી કાર્યરત છે જેમા બીજા પક્ષકાર સાથેના અને પછીના કામદારો ફરજ બજાવે છે. જયારે બીજા પક્ષકાર બેરોજગાર છે.આમ બીજા પક્ષકારને નોકરીમાંથી છુટા કર્યા બાદ બીજી ઘણી નોકરી મેળવવા માટે પ્રયત્ન કરેલ પરંતુ નોકરી મળેલ નથી તેમજ તેઓના કુટુંબનુ ભરણપોષણ માટેનું સાધન ફકત નોકરી જ છે જેથી પ્રથમ પક્ષકારનું છુટા કરવાનું પગલુ ગેરકાયદેસર ઠરાવવા અરજ કરેલ છે તથા પડેલા પગાર સહીત સળંગ નોકરીથી પુન:સ્થાપિત કરવા અરજ કરેલ છે.

(૩) આ કામના પ્રથમ પક્ષકાર દ્વારા આંક-૭ થી તેમનો લેખિત જવાબ રજુ કરેલ છે,જેમાં પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારે જણાવેલ તમામ હકીકતોનો ઈન્કાર કરેલો છે વધુમાં જણાવેલ છે કે, પ્રથમ પક્ષકારની સંસ્થામાં કોઈ મેન્યુફેકચરીંગ થતુ નથી કે કોઈ વેચાણ કરી નફો કરવામાં આવતો નથી. તેઓની કચેરી સિંચાઈને લગતી છે અને સેવાકીય લોકહીતનીપ્રવૃતી કરવામાં આવે છે. બીજા પક્ષકાર કદી તેઓના રોજમદાર મજુર હતા નહી. બીજા પક્ષકારે ના.કા.ઈ. ભાદર નહેર પેટા વિભાગનં.૨,૪,૬ તેમજ ૭ તેમજ ના.કા.ઈ. ભાદર નહેર વિતરણ પેટા વિભાગ લુણાવાડામાં કદી કોઈ રોજમદાર તરીકે એક દિવસ પુરતી પણ કરેલ નથી અને ખોટી હકીકતો ઉપજાવી હાલનો રેફરન્સ કરેલ છે. મદદનીશ શ્રમ આયુકત સમક્ષ પણ સંસ્થા દ્વારા જવાબ રજુ કરેલ હતો જેમા આ તકરાર લીધેલ હતી.

બીજા પક્ષકારે સને–૧૯૭૯ થી સને–૧૯૯૮ સુધી ફરજો બજાવેલ હોવાનુ જણાવેલ છે પરંતુ સંસ્થા સને–૧૯૮૭ થી શરૂ થયેલ છે અને સને–૧૯૭૯ ની સાલમાં કોઈપણ બીટની શરૂઆત થયેલ ન હતી. બીજા પક્ષકારને સને–૧૯૭૯ થી સને–૧૯૯૮ સુધી વિભાગનં.૨,૪,૬ અને ૭ પૈકી કઈ કચેરીમાં કેટલો સમય કામગીરી કરેલ હતી તે જણાવેલ નથી. વધુમાં બીજા પક્ષકાર ધ્વારા છેલ્લે તેઓ ના.કા.ઈ. ભાદર નહેર વિતરણ પેટા વિભાગ લુણાવાડામાં ફરજ બજાવતા હોવાની હકીકત ખોટી જણાવેલ છે. તેઓ સંસ્થાના કામદાર ન હોઈ તેઓને હાજરીકાર્ડ કે ઓળખકાર્ડ આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી તેમજ બીજા પક્ષકાર ધ્વારા તેઓને સને–૧૯૯૮ માં છુટા કરેલ હોવાની અને તેઓ ધ્વારા દરેક વર્ષમાં ૨૪૦ દિવસ કરતા વધુ કામગીરી કરીને આઈ.ડી.એકટની કલમ–૨૫ બી મુજબ સળંગ નોકરી કરેલ હોવાની ખોટી હકીકતો જણાવેલ છે. વધુમાં બીજા પક્ષકાર ધ્વારા તેઓને સને–૧૯૯૮ માં છુટા કરેલ હોવાનુ જણાવેલ છે અને હાલનો રેફરન્સ સને–૨૦૧૦ ની સાલમાં કરેલ છે અને આવી રીતે ૧૧ વર્ષનો વિલંબ કરવા બાબતે કોઈ કારણ જણાવેલ નથી અને નામદાર સુપ્રિમ કોર્ટ અને હાઈકોર્ટ ધ્વારા આવી રીતે વિલંબથી થયેલ રેફરન્સ રદ કરવામાં આવેલ છે જેથી બીજા પક્ષકારનો રેફરન્સ રદ કરવા અરજ કરેલ છે.

(૪) આ કામે બીજા પક્ષકાર ધ્વારા રેફરન્સ નં.૨૧૯/૨૦૧૦ ના કામે આંક–૧૦ થી સંસ્થા પાસેથી દસ્તાવેજો રજુ કરાવવા માટે અરજી આપેલ હતી જેમા અદાલત ધ્વારા બીજા પક્ષકારને છુટા કર્યાના સને–૧૯૯૮ થી અગાઉના ત્રણ વર્ષના હાજરી રજીસ્ટરો,હાજરીપત્રકો અને પગાર ચુકવણી અંગેના દસ્તાવેજો રજુ કરવાનો હુકમ કરવામાં આવેલ બાદ આ કામે સંસ્થા તરફે વકીલશ્રી ધ્વારા હુકમ થયેલ દસ્તાવેજો રેફરન્સ નં.૨૧૯/૨૦૧૦ થી ૨૨૨/૨૦૧૦ પુરતો કેસ સંયુકત કરવા અરજ કરેલ હતી જે કામે રેફરન્સ નં.૨૧૯/૨૦૧૦ થી ૨૨૨/૨૦૧૦ ના દસ્તાવેજો રેકર્ડ પર લેવાનો હુકમ કરવામાં આવે છે જેથી રેફરન્સ નં.૨૧૯/૨૦૧૦ ના કામે રજુ થયેલ દસ્તાવેજો રેફરન્સ નં.૨૧૯/૨૦૧૦ થી ૨૨૨/૨૦૧૦ ના રેફરન્સના કામે વંચાણે લેવામાં આવેલ છે.

(૫) બાદ બીજા પક્ષકાર તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક પુરાવા રજુ કરેલા છે.

| **અનુ.નં..** | **મૌખિક પુરાવો..** | **આંક..** |
|---|---|---|
| (૧) | બીજા પક્ષકાર વીરાભાઈ ધુળાભાઈ માલીવાડની– સરતપાસના સોગંદનામા ઉપરની જુબાની. | ૧૦ |

આ કામના બીજા પક્ષકાર તરફે પોતાની જુબાની સીવાય બીજા કોઈ સાહેને તપાસેલ નથી કે બીજા કોઈ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ નથી બાદ બીજા પક્ષકાર તરફે આંક–૧૨ ની પુરસીસથી પોતાનો પુરાવો પુરો થયેલ જાહેર કરેલ છે.

(૬) આ કામના પ્રથમ પક્ષકાર તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

| અનુ.નં.. | મૌખિક પુરાવો.. | આંક.. |
|---|---|---|
| (૧) | પ્રથમ પક્ષકાર તરફે સાહેદ યશવંતભાઈ કાળુભાઈ ભુરીયાના સરતપાસના સોગંદનામા ઉપરની જુબાની. | ૧૪ |

| અનુ.નં.. | દસ્તાવેજી પુરાવો.. | આંક.. |
|---|---|---|
| (૧) | તા.૦૧/૦૧/૧૯૯૫ થી તા.૧૨/૧૨/૧૯૯૭ સુધીના મસ્ટર રોલની નકલ.(રેફરન્સ નં.૨૧૯/૨૦૧૦ ના કામે) | નિ.૧૫/૧ થી નિ.૧૫/૨૫ |

બાદ પ્રથમ પક્ષકાર તરફે આંક-૧૫ ની પુરસીસથી પોતાનો પુરાવો પુરો થયેલ જાહેર કરેલ છે.

(૭) આ કામના બીજા પક્ષકાર તરફે તેઓના વિ.પ્રતિનીધીશ્રીની મૌખીક દલીલ સાંભળેલ છે જેમાં તેઓ દવારા જણાવેલ છે કે,આ કામના બીજા પક્ષકાર સંસ્થામાં કામગીરી કરતા હતા તે બાબતનો મૌખીક પુરાવો આપવામાં આવેલ છે,વધુમાં આ કામના પ્રથમ પક્ષકાર તરફે અદાલત દવારા દસ્તાવેજો રજુ કરવાનો હુકમ કરવામાં આવેલ છે તેમ છતા હુકમ મુજબના દસ્તાવેજો રજુ કરેલ નથી,કારણ કે,બીજા પક્ષકારે તેઓની દસ્તાવેજ રજુ કરવાની અરજીમાં વિભાગ.૨,૪,૬ તથા ૭ ના દસ્તાવેજોની માંગણી કરેલ છે તેમ છતા તેઓ દવારા આવા દસ્તાવેજો રજુ કરેલ નથી તેમજ જે દસ્તાવેજો રજુ કરેલ છે તે પણ માંગયાં મુજબના રજુ કરેલ નથી તેમજ આવા દસ્તાવેજો રજુ નહી કરવા માટે કોઈ સોગંદનામું પણ કરેલ નથી જેથી તેઓની સામે વિરૂધ્ધનું અનુંમાન દોરવું જોઈએ,અને આ રીતે આ કામના બીજા પક્ષકાર દવારા સંસ્થામાં કામદાર તરીકે કામગીરી કરેલ હોવાનું પુરવાર થાય છે,તેમજ આ કામના પ્રથમ પક્ષકાર દવારા બીજા પક્ષકારે ૨૪૦ દિવસ કામગીરી કરેલ ના હોવાની કોઈ તકરાર લીધેલ નથી તેઓ દવારા માત્ર બીજા પક્ષકારે એક પણ દિવસ કામગીરી નહી કરેલ હોવાની તકરાર લીધેલ છે જે બાબત તેઓ દવારા પુરવાર કરવામાં આવેલી નથી,વધુમાં આ કામના પ્રથમ પક્ષકાર દવારા મુખ્ય તકરાર રેફરન્સ વિલંબથી કરેલ હોવાની તકરાર લીધેલ છે પરંતું નામદાર સુપ્રિમકોર્ટ દવારા ઠરાવેલ છે તે મુજબ રેફરન્સને વિલંબ લાગું પતો ના હોય વિલંબની તકરાર ગ્રાહય રાખી શકાય નહી અને આ દલીલના સમર્થનમાં તેઓ દવારા નામદાર ગુજરાત હાઈકોર્ટ દવારા આપવામાં આવેલ એલ.પી.એ. નં.૯૦૬/૨૦૧૬ ના કામે કરવામાં આવેલ રીવ્યું અરજીના તા.૦૧/૦૫/૧૮ ના રોજ જાહેર કરવામાં આવેલ હુકમની નકલ રજુ કરેલ છે,આમ બીજા પક્ષકાર સંસ્થાના કામદાર હોય તેઓ દવારા સળંગ નોકરી કરીને નોકરીની સળંગતા જાળવેલ હોય તેમ છતા પ્રથમ પક્ષકાર દવારા ગેરકાયદેસર રીતે તેઓને મૌખીક હુકમથી છુટા કરેલ છે તેમજ આવી રીતે છુટા કરતા પહેલા કોઈ નોટીસ,નોટીસ

પગાર કે છટણી વળતર આપેલ નથી જેથી તેઓ દવારા કલમ–૨૫(એફ)ની જોગવાઈઓનું પાલન કર્યા વગર ગેરકાયદેસર છુટા કરેલ હોવાનું પુરવાર થયેલ હોય પરંતું બીજા પક્ષકારની ઉમર નોકરીની મહતમ વયમર્યાદા વટાવી ગયેલ હોય મળવાપાત્ર વધુંમા વધુ ઉચ્ચક વળતર અપાવાનો હુકમ કરવા અરજ કરેલ છે.

આ કામના પ્રથમ પક્ષકાર તરફે વિ.વકીલ ડી.જી.પી.શ્રી આર.એસ.ઠાકોર તરફે આંક–૧૬ થી પોતાની લેખીત દલીલ રજુ કરવામાં આવેલ છે જેમાં તેઓ દવારા બીજા પક્ષકાર દવારા સંસ્થામાં એકપણ દિવસની કામગીરી નહી કરેલ હોવાની તેમજ રેફરન્સ વિલંબથી કરેલ હોવાની હકકીત જણાવેલ છે તેમજ તેઓના કામદાર ના હોય તેઓ કોઈ લાભ મેળવવા હકદાર થતા ના હોય બીજા પક્ષકારનો રેફરન્સ નામંજુર કરવા અરજ કરેલ છે તેઓની આ દલીલના સમર્થનમાં તેઓ તરફે નામદાર ગુજરાત હાઈકોર્ટ દવારા સ્પેશીયલ સીવીલ એપ્લીકેશન નં.૭૦૫૯/૨૦૦૮ ચંદુભાઈ પુજાંભાઈ તળપદા વી.ડેપ્યુટી એકઝીકયુટીવ એન્જીનીયર તથા નામદાર સુપ્રિમકોર્ટની આસીસ્ટન્ટ એકઝીકયુટીવ એન્જીનીયર કર્ણાટકા વી.શીવાલીંગાના ચુકાદા ઉપર આધાર રાખેલ છે.

(૮) આ કામે કેસનું રેકર્ડ તેમજ માંગણાનું નિવેદન તથા જવાબ ધ્યાને લેતાં આ કામના નિર્ણય માટે તથા મદદનીશશ્રમ આયુકતશ્રી,ગોધરાએ કરેલ રેફરન્સના મુખ્ય મુદ્દો કે બીજા પક્ષકારને તેમની મુળ જગ્યાએ પડેલા દિવસોના પુરેપુરા પગાર સહીત નોકરીમાં પુન:સ્થાપિત કરવા જોઈએ કે કેમ ? તેના નીર્ણય માટે મારી સમક્ષ નીચેના મુદ્દાઓ ઉપસ્થીત થયેલ છે.

**–:: મુદ્દા ::–**

(૧) શુ બીજા પક્ષકાર પુરવાર કરે છે કે,તેઓ પ્રથમ પક્ષકાર સંસ્થામાં કામદાર હતા અને રોજમદાર મજુર તરીકે ફરજ બજાવતા હતા ?

(૨) શું બીજા પક્ષકાર દવારા તા.૦૪/૦૩/૧૦ ના રોજ ઔધોગીક વિવાદ ઉપસ્થીત કરવામાં આવેલ તે તારીખે ખરેખર પક્ષકારો વચ્ચે ઔધોગીક વિવાદ અસ્તીત્વમાં હતો ?

(૩) શું બીજા પક્ષકાર માંગણાના નિવેદનમાં માંગ્યા મુજબ નોકરીમાં પુન:સ્થાપિત થવા તથા પડેલા દિવસોના પગાર મેળવવા અથવા યોગ્ય વળતર મેળવવા હકકદાર છે ?

(૪) શું હુકમ ?

(૯) ઉપરોકત મુદ્દાઓના નિર્ણય નીચે મુજબ છે.

**–:: નિર્ણય ::–**

(૧) નકારમાં.

(ર) નકારમાં.

(૩) નકારમાં.

(૪) આખરી હુકમ મુજબ.

(૧૦) ઉપરોકત મુધ્દાઓના નિર્ણયોના કારણો નીચે મુજબ છે.

**-: કા ર ણો:-**

(૧૧) મુધ્દાનં.૧ ::-

આ કામના બીજા પક્ષકાર દવારા રજુ કરેલ પુરાવો જોતા આ કામે બીજા પક્ષકાર ધ્વારા તેમના માંગણા ના નિવેદનમાં તેઓ પ્રથમ પક્ષકારની સંસ્થામાં સને.૧૯૭૯ થી રોજમદાર મજુર તરીકે ફરજ બજાવતા હતા અને તેઓને છેલ્લે કામનું ભારણ ઓછુ થતા તમામ સ્ટાફ-રોજમદાર મજુર તેમજ નોકરીને લગતા તમામ દસ્તાવેજો સહીત ના.કા.ઈજનેરશ્રી ભાદર નહેર વિતરણ પેટા વિભાગ લુણાવાડાને સુપ્રત કરવામાં આવેલ હોવાની હકીકત જણાવેલ છે આ હકીકત બાબતે તેઓની સરતપાસની જુબાનીમાં તેઓ દવારા સમર્થનકારી પુરાવો આપવામાં આવેલ છે જયારે પ્રથમ પક્ષકાર દવારા તેઓના લેખીત જવાબમાં બીજા પક્ષકાર તેઓની સંસ્થામાં એક પણ દિવસની કામગીરી કરેલ હોવાનો ઈન્કાર કરેલ છે તેમજ તેઓ દવારા સંસ્થા સને.૧૯૮૭ માં શરું થયેલ હોવાનો બચાવ લેવામાં આવેલ છે,આમ તેઓ દવારા બીજા પક્ષકાર તેઓની સંસ્થામાં કામ કરતા હોવાની હકીકતનો સ્વીકાર કરેલ નથી તેથી આ હકીકત બીજા પક્ષકારે પુરવાર કરવાની રહે જે માટે આ કામના બીજા પક્ષકાર દવારા આપેલ પુરાવો જોતા તેઓએ સંસ્થામાં કામ કરેલ હોવાનો પુરાવો આપેલ છે પરંતું સાથે જ તેઓની ઉલટતપાસમાં તેઓ દવારા આ કામે પોતાની ઉંમરનો પુરાવો રજુ નહી કરેલાનો,સંસ્થામાં એક પણ દિવસ કામગીરી કરેલ હોય તેનો આધર રજુ નહી કરેલાનો,હાલની ફરીયાદ પ્રથમ વાર સને.૨૦૧૦ માં કરેલ હોવાનો સ્વીકાર કરેલ છે આ સીવાય બીજા પક્ષકાર દવારા માંગણાના નિવેદનમાં કઈ કઈ જગ્યાએ કામ કરેલ તેની વિગત જણાવેલ નથી,નોકરીમા રાખેલાની તથા છુટા કર્યાની સ્પસ્ટ તારીખ જણાવેલ નથી માત્ર વર્ષ જણાવેલ છે જેનો પણ સમર્થનકારી કોઈ પુરાવો રજુ કરેલ નથી,તેમજ જયારે આ કામના પ્રથમ પક્ષકાર તરફે સ્પસ્ટ તકરાર લેવામાં આવેલ છે કે,બીજા પક્ષકાર દવારા તેઓની સંસ્થામાં એક પણ દિવસ કામ કરેલ નથી તેવા સંજોગો માં બીજા પક્ષકાર ઉપર તેઓ પ્રથમ પક્ષકારના કામદાર હોવાનું અને તેઓ દવારા સંસ્થામાં કામગીરી કરેલ હોવાની હકીકત પુરવાર કરવાનો બોજો આવે છે જે પુરવાર કરવા આ કામે માત્ર મૌખીક પુરાવો રજુ થયેલ છે જેમાં પણ ઉલટતપાસમાં તેઓની વિરૂધ્ધની બાબતનો સ્વીકાર કરવામાં આવેલ છે,આ સીવાય આ કામના પ્રથમ પક્ષકાર તરફે સાહેદ

ને તપાસવામાં આવેલ છે જેઓ દવારા પણ આ કામના બીજા પક્ષકાર દવારા તેઓની સંસ્થામાં એક પણ દિવસ કામગીરી નહી કરેલ હોવાનો પુરાવો આપેલ છે તેમજ બીજા પક્ષકાર તરફે તેઓની ઉલટતપાસ કરવામાં આવેલ છે તેમાં પણ આ હકીકતની વિરૂઘ્ધની કોઈ બાબત રેકર્ડ પર આવેલ નથી અને જે પ્રશ્નો બીજા પક્ષકારને લગત પુછવામાં આવેલ છે તેનો પણ સાહેદ દવારા ઈન્કાર કરેલ છે, આમ આ સીવાય બીજા પક્ષકાર તરફે કોઈ વિશેષ પુરાવો રજુ કરવામાં આવેલ નથી તેમજ તેઓ દવારા મજુર કમિશ્નરશ્રી સમક્ષ જે ફરીયાદ દાખલ કરેલ છે તેમાં પણ તેઓ દવારા તેઓને કેટલો પગાર કે વેતન ચુકવવામાં આવતુ હતું તે જણાવેલ નથી તેની જગ્યાએ માત્ર લઘુતમ વેતન મુજબનો પગાર ચુકવવામાં આવતો હતો તેમ જણાવેલ છે,તેમજ નોકરીમાં લાગ્યાંની તથા છુટા કર્યાની ચોકકસ તારીખ પણ જણાવેલ નથી અને તેની જગ્યાએ માત્ર નોકરી માં લાગ્યાંનું વર્ષ અને છુટા કર્યાનું વર્ષ જણાવેલ છે,આ સીવાય આ કામના બીજા પક્ષકાર તરફે તેઓ જે સમય માટે સંસ્થામાં કામ કરેલ હોવાનું જણાવેલ છે તે સમય માટે ના દસ્તાવેજો રજુ કરાવા માટે અરજી કરેલ હતી જેમાં અદાલત દવારા સને.૧૯૯૮ના અગાઉના ત્રણ વર્ષના દસ્તાવેજો રજુ કરવાો હુકમ કરેલ હતો આ હુકમને બીજા પક્ષકાર દવારા અપીલ કે પીટીશન કરીને પડકારવામાં આવેલ નથી,તે હુકમ અનુસંઘાને સંસ્થા દવારા આંક–૧ ૨ ના લીસ્ટથી તા.૦૧/૦૧/૧૯૯૫ થી તા.૧૨/૧૨/૧૯૯૭ સુધીના નિ.૧૨/૧ થી સુધીના મસ્ટર રોલની નકલો રજુ કરેલ છે જે ઘ્યાને લેતાં તેમાં આ કામના બીજા પક્ષકારનું નામ જણાતું નથી તેમજ તેઓ દવારા આ સમય દરમ્યાન એક પણ દિવસની કામગીરી કરેલ હોવાનું એટલે કે,છુટા કર્યાના અગાઉના ૧૨ માસ દરમ્યાન ૨૪૦ દિવસથી ઓછા નહી તેટલા દિવસની કામગીરી કરેલ હોવાનું જણાતુ નથી.વઘુમાં આ કામના પ્રથમ પક્ષકારનો પ્રથમથી જ બચાવ છે કે,બીજા પક્ષકાર દવારા તેઓની સંસ્થામાં કોઈ દિવસ કામગીરી કરેલ નથી.સામાન્ય સંજોગોમાં જયારે બીજા પક્ષકાર પોતાની જુબાનીમાં સંસ્થામાં નોકરી કરેલ હોવાનો કે સળંગ નોકરી કરેલ હોવાનો કે ૨૪૦ દિવસ કામગીરી કરેલ પુરાવો આપેલ હોય તો આવી નોકરી તેઓ દવારા નહી કરેલ હોવાનું વિરૂઘ્ધનું પુરવાર કરવાનો બોજો પ્ર થમ પક્ષકાર ઉપર આવે છે પરંતું હાલના કેસમાં બીજા પક્ષકાર દવારા કઈ જગ્યાએ,કઈ કામગીરી, કેટલા સમય માટે કરેલ,ચોકકસ કઈ તરીખે છુટા કરેલ તે જણાવેલ નથી,વઘુમાં બીજા પક્ષકાર દવારા જે સંસ્થામાં કામગીરી કરતા હોવાની હકીકત જણાવેલ છે તેવી કામગીરીમાં સ્વાભાવીક રીતે જ એક કરતા વઘારે કામદારો કામ કરતા હોય તેમ છતા તેઓ તરફે કામગીરી કરતા હોવાની હકીકત પુરવાર કરવા આવા બીજા કોઈ કામદારોને સાહેદ તરીકે આ કામે તપાસેલ નથી તેમજ બીજા પક્ષકાર દવારા જે તે સમયના અઘિકારીઓના નામો જણાવેલ છે પરંતું આ આ કામે તેઓને તપાસેલ નથી તેમજ આ સીવાય કોઈ દસ્તાવેજી આઘાર પણ રજુ કરેલ નથી કે જેના આઘારે આ કામના બીજા પક્ષકાર પ્ર

થમ પક્ષકાર સંસ્થામાં કામગીરી કરતા હોવાનું પુરવાર થયેલાનું માની શકાય,જયારે સંસ્થા દવારા જે મસ્ટરો રજુ કરવામાં આવેલ છે તેમાં આ કામના બીજા પક્ષકારનું નામ જણાતું નથી,વધુમાં બીજા પક્ષકાર આ કામના પ્રથમ પક્ષકારના કામદાર હોવાની હકીકત પુરવાર કરવાનો બોજો તો પ્રાથમીક રીતે તો બીજા પક્ષકાર ઉપર જ છે આ બાબતે નામદાર સુપ્રિમકોર્ટ દવારા 2011 (I) LLJ 251(SC) AMAR CHAKRAVARTY & ORS VS MARUTI SUZUKI INDIA LIMITED ( SUPREME COURT OF INDIA).ના પેરાનં.૧૩ માં જણાવેલ છે કે,

> "13.In our opinion, in light of the settled legal position on the point, the judgment of the High Court is clearly indefensible.Whilst it is true that the provisions of the Evidence Act, 1872 per se are not applicable in an industrial adjudication, it is trite that its general principles do apply in proceedings before the Industrial Tribunal or the Labour Court, as the case may be. (See:Municipal Corporation, Faridabad Vs. Siri Niwas.AIR 2004 SC 4681).In any proceeding, the burden of proving a fact lies on the party that substantially asserts the affirmative of the issue, and not on the party who denies it. (See: Anil Rishi Vs. Gurbaksh Singh. 2006 (5) SCC 558)"

વધુમાં નામદાર સુપ્રિમકોર્ટ દવારા Workmen Of Nilgiri Coop. Marketing Society Ltd.Vs. State Of Tamil Nadu (2004)3 Scc 514 ના ચુકાદાના પેરાનં.૪માં જણાવેલ છે કે,

> "47. It is a well-settled principle of law that the person who sets up a plea of existence of relationship of employer and employee, the burden would be upon him.

આમ ઉપરોકત તમામ નામદાર સુપ્રિમકોર્ટ ઓફ ઈન્ડીયા ના ચુકાદાઓ ના સિધ્ધાંત જોવામાં આવે તો માલીક અને કામદાર વચ્ચેનો સબંધ સાબીત કરવાનો બાજો કામદાર ઉપર છે અથવા જે વ્યકિત એ અરજ કરેલ હોય તેના ઉપર છે,આમ એ વાત ખુબ સ્પષ્ટ છે કે,કામદાર અને માલીક વચ્ચે નો સબંધ સાબીત કરવાની જવાબદારી હાલના કેસ ના સંજોગો મુજબ ફકત કામદાર ઉપર રહેલી છે.હાલના કેસમાં અગાઉ કરેલ ચર્ચા મુજબ માલીક અને કામદાર વચ્ચેનો સબંધ સાબીત કરવાનો બોજો કામદાર ઉપર રહેલો હોઈ તેમ છતા પોતાના મૌખીક પુરાવા સીવાય બીજો કોઈ ઉપલબ્ધ એવો પુરાવો રજુ કરેલ નથી અને હાલના કેસમાં તો પ્રથમ પક્ષકાર દવારા તેઓને પોતાના કામદાર તરીકે સ્વીકારેલ નથી અને એનાથી વધારે તો તેઓ દવારા બીજા પક્ષકારે એક પણ દિવસ તેઓને ત્યાં કામગીરી નહી કરેલ હોવાનો તથા બીજા પક્ષકાર દવારા જે સમયે કામગીરી કરેલ હોવાનું જણાવેલ છે તે સમયે સંસ્થા જ અસ્તીત્વમાં જ ના હોવાનો બચાવ લીધેલ છે તેવા સંજોગોમાં તો બીજા પક્ષકાર ઉપર તેઓ પ્રથમ પક્ષકારના કામદાર હોવાની હકીકત પુરવાર કરવાનો બોજો વધી જાય છે તેમ છતા બીજા પક્ષકાર તરફે આ માટે કોઈ પ્રયત્ન કરવામાં આવેલ નથી,વધુમાં આ કામના બીજા પક્ષકાર દવારા જાતે જ પોતાની મજુર કમિશ્નરશ્રી સમક્ષની ફરીયાદ,માંગણા નિવેદન તથા પુરાવાના સોગંદનામામાં તેઓ

દવારા સને.૧૯૮૭ બાદમાં તુટક તુટક કામગીરી કરેલ હોવાનું જણાવેલ છે જેથી આ સમય દરમ્યાન તો તેઓ દવારા સળંળ કામગીરી કરેલ હોવાનો કેસ પણ રજુ કરવામાં આવેલ નથી,વધુમાં બીજા પક્ષકાર તરફે દલીલ કરવામાં આવેલ છે કે,તેઓને કોઈ નોકરીને લગત દસ્તાવેજો આપવામાં આવતા ના હતા જેથી તેઓ દવારા સંસ્થા પાસેથી આ દસ્તાવેજો રજુ કરવા માટે અરજી આપેલ હતી જેમાં અદાલત દવારા દસ્તાવેજો રજુ કરવા માટે હુકમ કરવામાં આવેલ હતો તેમ છતા તેઓ દવારા અરજીમાં જણાવેલ તમામ દસ્તાવેજો રજુ કરેલ નથી અને જે રજુ કરેલ છે તે પણ અપુરતા અને બીજા વિભાગના રજુ કરેલ છે,તેઓની આ દલીલ અંગે જોતા આ કામના બીજા પક્ષકાર દવારા દસ્તાવેજીની માંગણી કરતી અરજી કરતા અદાલત દવારા બીજા પક્ષકારના છુટા કર્યાના સને.૧૯૯૮ થી અગાઉના ૩ વર્ષના હાજરી પત્રક,અને પગાર ચુકવણીના દસ્તાવેજો રજુ કરવાનો હુકમ કરેલ છે જે બાદ સંસ્થા દવારા અદાલતના હુકમ મુજબના તા.૦૧/૦૧/૯૫ થી તા.૧૨/૧૨/૯૭ ના રોજ સુધીના મસ્ટર રોલની નકલો રજુ કરેલ છે જેમાં આ કામના બીજા પક્ષકારનું નામ જણાતુ નથી તેમજ સંસ્થા દવારા આ બાબતે સોગંદનામું પણ કરેલ છે જેમાં બીજા પક્ષકાર દવારા કોઈ વાર રોજમદાર તરીકે આવેલ ના હોવાનું જાહેર કરેલ છે તેમજ સંસ્થા દવારા રજુ કરવામાં આવેલ મસ્ટરો જોતા ભાદર નહેર વિતરણ,પેટા વિભાગ લુણાવાડા ના હોવાનું જણાય છે તેમજ બીજા પક્ષકાર દવારા પણ પોતાની મજુર કમિશ્નર શ્રી સમક્ષની ફરીયાદ,માંગણા નિવેદન તથા પુરાવાના સોંગદનામામાં પણ તેઓ દવારા આ સમય દરમ્યાન વિતરણની કામગીરીમાં મુકેલ હોવાનું જણાવેલ છે તેવા સંજોગોમાં બીજા પક્ષકાર નું નામ સદર રજુ થયેલ મસ્ટરોમાં જણાતુ ના હોય તેવા કારણોસર અદાલતના હુકમ મુબજના દસ્તાવેજો રજુ થયેલ ના હોવાનું અને વિરૂધ્ધનું અનુંમાન કરવાની દલીલ ગ્રાહય રાખવામાં આવથી નથી.વધુમાં પ્રથમ પક્ષકાર તરફે પણ પોતાના જવાબમાં તથા પુરાવામા તેમજ પોતાની દલીલમાં પણ આ બાબતે રજુઆત કરવામાં આવેલ છે કે,બીજા પક્ષકાર દવારા તેઓની સંસ્થામાં કોઈ વાર એક દિવસની પણ કામગીરી કરેલ નથી અને તેઓ દવારા રજુ કરવામાં આવેલ દસ્તાવેજો જોતા તેઓની આ દલીલમાં તથ્ય જણાય છે.આમ ઉપરોકત તમામ બાબતો જોતા આ કામના બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં એક વર્ષ ઉપરાંતથી કામચી નોકરી કરતા હોવાની કે છુટા કર્યાના અગાઉના ૧૨ માસ દરમ્યાન ૨૪૦ દિવસથી ઓછા નહી તેટલા દિવસની કામગીરી કરેલ હોવાની હકીકત પુરવાર કરી શકેલ નથી જેથી બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં કામદાર હતા અને રોજમદાર મજુર તરીકે ફરજ બજાવતા હોવાનું પુરવાર થયેલ ના હોય મુદાનં.૧ નો નિર્ણય નકારમાં આપવામાં આવે છે.

(૧૨) મુદ્દાનં.૨ ::–

આ કામના પ્રથમ પક્ષકાર તરફે મુખ્યત્વે તકરાર લેવામાં આવેલ છે કે,આ કામના બીજા પક્ષકાર દવારા ખુબજ વિલંબથી રેફરન્સ કરેલ છે જે વિલંબના કારણોસર ચાલવાપાત્ર થાય નહી,આ કામે અગાઉ નિર્ણય કરેલ મુદ્દાનં.૧ મુજબ આ કામના બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં કામદાર હોવાનું પુરવાર કરી શકેલ નથી તેવા સંજોગોમાં બીજા પક્ષકાર કોઈ રાહત મેળવવા હકદાર થાય નહી,તેમ છતા આ કામે પ્રથમ પક્ષકારની વિલંબની તકરારની આ દલીલ સાથે કેસનું રેકર્ડ જોતા આ કામના બીજા પક્ષકાર દવારા મજુર કમિશ્નરશ્રી સમક્ષ ફરીયાદ તા.૦૪/૦૩/૧૦ ના રોજ દાખલ કરેલ છે જે બાદ સમાધાન નહી થતા હાલનો રેફરન્સ ન્યાય નિર્ણય માટે મોકલવામાં આવેલ છે,વધુમાં બીજા પક્ષકાર દવારા સદર ફરીયાદ તથા હાલના રેફરન્સના કામે રજુ કરેલ માંગણાના નિવેદનમાં તેઓની નોકરીમાં લાગ્યાંની તારીખ જણાવેલ નથી તેની જગ્યાએ સને.૧૯૭૯ થી નોકરી કરેલ હોવાનું જણાવેલ છે તેવી જ રીતે નોકરીમાંથી છુટા કર્યાની તારીખ જણાવેલ નથી તેની જગ્યાએ સને.૧૯૯ ૮ માં છુટા કર્યાનું જણાવેલ છે,આમ બીજા પક્ષકારની હકીકત પ્રમાણે સને.૧૯૯૮ ના રોજ બીજા પક્ષકારને છુટા કર્યા બાદ તેઓ દવારા સને.૨૦૧૦ માં એટલે કે,આશરે ૧૨ બાદ કરવામાં આવેલ છે તેમજ આવી રીતે આટલા લાબાં સમય સુધી રેફરન્સ નહી કરવાનું કોઈ પણ વ્યાજબી કારણ તેઓ દવારા તેઓના માંગણા નિવેદનમાં જણાવેલ નથી,આ કામના બીજા પક્ષકાર તરફે તેઓના પ્રતિનિધિ શ્રી દવારા વિલંબના મુદા બાબતે દલીલ કરેલ છે કે,રેફરન્સ કેસોને વિલંબનો કાયદો લાગું પડતો નથી જેથી વિલબંના કારણોસર રેફરન્સનો નિર્ણય કરી શકાય નહી જે દલીલના સમર્થનમાં તેઓ દવારા નામદાર ગુજરાત હાઈકોર્ટ દવારા આપવામાં આવેલ એલ.પી.એ. નં.૯૦૬/૨૦૧૬ ના કામે કરવામાં આવેલ રીવ્યું અરજીના તા.૦૧/૦૫/૧૮ ના રોજ જાહેર કરવામાં આવેલ હુકમની નકલ રજુ કરેલ છે જે કેસની હકીકતો જોતા મજુર અદાલત દવારા બીજા પક્ષકારને પડેલા દિવસોના ૨૦ % પગાર સાથે નોકરીમાં પુન:સ્થાપીત કરવાનો હુકમ કરેલ હતો જેની સામે સંસ્થા દવારા નામદાર ગુજરાત હાઈકોર્ટમાં પીટીશન કરેલ જે પીટીશન જેમાં નામદાર ગુજરાત હાઈકોર્ટ દવારા કામદાર દવારા મજુર અદાલતનો હુકમ રદ કરેલ હતો જેની સામે કામદાર દવારા એલ.પી.એ.અરજી દાખલ કરેલ છે પણ માત્ર રેફરન્સ કરવામાં ૧૪ વર્ષનો વિલબં હોય રદ કરેલ હતી જેથી સામે કામદાર દવારા રીવ્યું પીટીશન દાખલ કરેલ હતી જે રીવ્યું અરજી અંશત:મંજુર કરીને સીગલ જજ સાહેબશ્રી નો હુકમ રદ કરીને મજુર અદાલતનો પડેલા દિવસોના પગાર સીવાયનો હુકમ કાયમ રાખવામાં આવેલ હતો,હવે આ ચુકાદા સાથે હાલના કેસની હકીકતો જોઈએ તો આ કામના બીજા પક્ષકાર દવારા સંસ્થાને રેફરન્સ કરતા પહેલા કોઈ ડીમાન્ડ નોટીસ આપેલ નથી,તેમજ રેફરન્સ દાખલ કરતા સમયે પણ તેઓ દવારા વિલંબ માફ કરવા બાબતે કોઈ અરજી કે સોગંદનામું આપેલ નથી જેથી રેફરન્સના કામે સમુચીત સરકાર એટલે

કે,મજુર કમિશ્નરશ્રી દવારા આવા વિલંબ બાબતે કોઈ નિર્ણય કરેલ નથી,તેમજ આ બાબતે પ્રથમ પક્ષકાર તરફે પણ તકરાર લીધેલ છે અને આ બાબતે બીજા પક્ષકારની ઉલટતપાસમાં પ્રશ્ન પુછવામાં આવેલ છે જેનો બીજા પક્ષકાર દવારા સ્વીકાર કરવામાં આવેલ છે જેથી આવો વિલંબથી રેફરન્સ કરવા માટે બીજા પક્ષકારને ઔધોગીક વિવાદ અસ્તીત્વમાં હોવાનું બતાવવું પડે પરંતું તેઓ દવારા આ બાબતે મજુર કમિશ્નરશ્રી સમક્ષની કાર્યવાહીમાં આવા કોઈ વિલંબ માફ કરવા માટે અરજી કે રજુઆત કરેલ હોવાનું રેકર્ડ જોતા જણાતુ નથી જેથી માત્ર રેફરન્સ રજુ કરી દેવાથી તેઓને વિલંબથી રેફરન્સ કરવાનું કારણ ઉપસ્થીત થયેલાનું માની શકાય નહી જો કે રેફરન્સના કેસમાં માત્ર સમયમર્યાદાના મુદા ઉપર તેનો નિર્ણય કરવાનું વ્યાજબી ગણી શકાય નહી એ દલીલ સાથે આ અદાલત સંમત થાય છે પરંતું હાલના કેસમાં માત્ર વિલંબ સીવાય પણ બીજા કારણોને આધારે નિર્ણય કરવામાં આવી રહેલ છે જેમ કે મુદાનં.૧ મુજબ આ કામના બીજા પક્ષકાર દવારા તેઓ પ્રથમ પક્ષકાર ના કામદાર હોવાનું પુરવાર કરી શકેલ નથી જેથી આ કારણોસર બીજા પક્ષકાર દવારા રજુ કરવામાં આવેલ ચુકાદો હાલના કેસની હકીકતો સાથે સુસંગત જણાતો ના હોય તેઓને મદદરૂપ થતો નથી,વધુમાં આ બાબતે કાયદાકીય પરીસ્થીતી જોવી જરૂરી બને છે,બીજા પક્ષકાર તરફે નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો રજુ કરેલ છે પરંતું આ અંગે નામદાર સુપ્રીમકોર્ટ દવારા PRABHAKAR V/S.JOINT DIRECTOR, SERICULTURE DEPARTMENT [2015 (III)CLR 937=2015(15) SCC 1] નો ચુકાદો વિલંબથી રેફરન્સ કરવાના મુદા બાબતે ધ્યાને લેવો જરૂરી જણાય છે જે ચુકાદામાં જણાવામાં આવેલ છે કે,

> "An industrial dispute has to be referred by the appropriate Government for adjudication and the workman cannot approach the Labour Court or Industrial Tribunal directly, except in those cases which are covered by Section 2A of the Act.Reference is made under Section 10 of the Act in those cases where the appropriate Government forms an opinion that 'any industrial dispute exists or is apprehended'. The words **'industrial dispute exists'** are of paramount importance unless there is an existence of an industrial dispute (or the dispute is apprehended or it is apprehended such a dispute may arise in near future), no reference is to be made. Thus, existence or apprehension of an industrial dispute is a sine qua non for making the reference. No doubt, at the time of taking a decision whether a reference is to be made or not,the appropriate Government is not to go into the merits of the dispute. Making of reference is only an administrative function. At the same time, **on the basis of material on record, satisfaction of the existence of the industrial dispute or the apprehension of an industrial dispute is necessary.Such existence/apprehension of industrial dispute,thus, becomes a condition precedent,** though it will be only subjective

satisfaction based on material on record. Since, we are not concerned with the satisfaction dealing with cases where there is apprehended industrial dispute, discussion that follows would confine to existence of an industrial dispute. Dispute or difference arises when one party make a demand and other party rejects the same. It is held by this Court in number of cases that before raising the **industrial dispute making of demand is a necessary pre-condition."**

"In such a scenario, if the services of a workman are terminated and he does not make the demand and/or raise the issue alleging wrongful termination immediately thereafter or within reasonable time and raises the same after considerable lapse of period, whether it can be said that industrial dispute still exist. Since there is no period of limitation, it gives right to the workman to raise the dispute even belatedly.However, **if the dispute is raised after a long period, it has to be seen as to whether such a dispute still exists?** Thus, notwithstanding the fact that law of limitation does not apply, **it is to be shown by the workman that there is a dispute in praesenti.** For this purpose, he has to demonstrate that even if considerable period has lapsed and there are laches and delays, such delay has not resulted into making the industrial dispute seized to exist. **Therefore, if the workman is able to give satisfactory explanation for these laches and delays and demonstrate that the circumstances discloses that issue is still alive, delay would not come in his way because of the reason that law of limitation has no application.** On the other hand, **if because of such delay dispute no longer remains alive and is to be treated as "dead", then it would be non-existent dispute which cannot be referred."**

"In contrast, **in those cases where there was no agitation by the workman against his termination and the dispute is raised belatedly and the delay or laches remain unexplained, it would be presumed that he had waived his right or acquiesced into the act of termination** and, therefore, at the time when the dispute is raised it had become stale and was not an 'existing dispute'. In such circumstances, the appropriate Government can refuse to make reference. In the alternative, **the Labour Court/Industrial Court can also hold that there is no "industrial dispute" within the meaning of Section 2(k) of the Act and, therefore, no relief can be granted."**

ઉપરોકત ચુકાદાની હકીકત અને હાથ પરના કેસની હકીકત તદન સુસંગત છે ચુકાદાની હકીકત લક્ષ્ય પર લેવામાં આવે તો ચૌદ વર્ષ બાદ ઔધ્યોગીક તકરાર ઉપસ્થિત કરવામાં આવેલ જયારે હાથ પરના કીસ્સામાં ૧૨ વર્ષ બાદ ઔધ્યોગીક તકરાર બીજા પક્ષકાર ધ્વારા ઉપસ્થિત કરવામાં આવેલ છે. ચુકાદા ની હકીકત વંચાણે લેતાં કામદારે જાહેર કરેલ કે પોતે અવાર નવાર મેનેજમેન્ટને જાણ કરેલ તેમ છતાં મેનેજમેન્ટે કોઈ કાર્યવાહી કરેલ નથી પરંતું તે સબબ કોઈ પુરાવો રજુ કરેલ ન હોવાથી તે કથન નામદાર સુપ્રીમકોર્ટે યોગ્ય હોવાનુ માનેલ નથી,હાલના કેસની હકીકતો વંચાણે લેવામાં આવે તો બીજા પક્ષકાર દવારા પોતાના માંગણા નિવેદનમાં તથા પોતાના સરતપાસમાં પુરાવામાં વિલંબ બાબતે કોઈ

પુરાવો આપેલ નથી,એટલું જ નહી તેઓ દવારા ૧૨ વર્ષનો સમયગાળો ખુબ જ લાંબો સમયગાળો કહેવાય તેમ છતા આટલા લાંબા સમય દરમ્યાન કયારે કયારે સામાવાળા પાસે ગયેલા તે સબબની કોઈ જ વિગતો જણાવેલ નથી તેમજ કયારે ગયેલ તે ચોકકસ સમય જણાવેલ નથી,બીજા પક્ષકાર દવારા શા માટે ૧૨ વર્ષના લાંબા સમયગાળા સુધી કોઈ કાર્યવાહી નહી કરેલાનું કોઈ ઠોસ કે સચોટ કારણ સોગંદનામાં દર્શાવવામાં આવેલ નથી,બીજા પક્ષકારે પ્રથમ પક્ષકારને આ બાબતે કોઈ નોટીસ આપેલ હોય કે પ્રથમ પક્ષકારને લેખીત જાણ કરેલ હોય,તેમજ પક્ષકાર દવારા તેઓને લેખીતમાં કોઈ બાંહેધરી આપેલ હોય તેવો કોઈ કેસ રજુ કરેલ નથી કે તેવો કોઈ પુરાવા બીજા પક્ષકારે રજુ કરેલ નથી અને ઉપરોકત ચુકાદામાં સ્થાપિત કરવામાં આવેલ સિધ્ધાંત ધ્યાને લેતાં રેફરન્સ કરવામાં થયેલ વિલંબનો ખુલાસો કરવાની જવાબદારી બીજા પક્ષકારની છે તેમજ આ ચુકાદામાં સ્થાપિત કરવામાં આવેલ સિધ્ધાંત અનુસાર સમુચીત સરકારે રેફરન્સ કરતી સમયે વિલંબ સબબનો અભીપ્રાય આપવાનો રહે છે પરંતું રેફરન્સના પેપર્સ વંચાણે લેતાં ફલીત થાય છે કે હાથ પરના કીસ્સામાં સમુચીત સરકાર એટલે કે,મજુર કમિશ્નરશ્રી દવારા રેફરન્સ કરતા પહેલાં ૧૨ વર્ષના ખુબ જ લાંબા સમયાગાળાના વિલંબ સબબ કોઈ અભીપ્રાય આપેલ નથી વળી ઉપરોકત ચુકાદો વંચાણે લેતાં જો સમુચીત સરકારે અભિપ્રાય આપેલ ન હોય તો અદાલત વિલંબની હકીકત લક્ષ્ય પર લઈ શકે છે તેમ જણાવેલ છે,આમ હાલના કેસમાં પણ બીજા પક્ષકાર દવારા ૧૨ વર્ષના ખુબ જ લાંબા સમયાગાળાના વિલંબ બાદ ઔદ્યોગીક તકરાર ઉપસ્થિત કરેલ હોવા છતાં બીજા પક્ષકારે આ અદાલત સમક્ષ રજુ કરેલ માંગણા નીવેદન તેમજ સોગંદનામાં સ્વરૂપે રજુ કરેલ મૌખીક પુરાવામાં વિલંબ સબબ કોઈ જ સંતોષકારક કે વ્યાજબી ખુલાસો કરેલ નથી તેમજ મજુર કમિશ્નરશ્રી દવારા પણ વિલંબ બાબતે કોઈ અભિપ્રાય આપેલ નથી જેથી વિલંબની બાબતનો એટલે કે,રેફરન્સ કરવામાં આવેલ ત્યારે ઔદ્યોગીક તકરાર અસ્તીત્વમાં હોવાની બાબત ધ્યાને લઈ શકાય તેમ છે,જેથી આ કામના બીજા પક્ષકાર હાથ પરના કીસ્સામાં જયારે ઔદ્યોગીક તકરાર ઉપસ્થિત કરવામાં આવી તે સમયે અને જયારે આ રેફરન્સ કરવામાં આવ્યો તે સમયે ખરેખર ઔદ્યોગીક તકરાર અસ્તિત્વમાં હતી તેમ પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ ગયેલ હોવાનુ આ અદાલતનુ સ્પષ્ટ પણે માનવુ છે,વધુમાં આવા જ કેસમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે જગદીશ કીશોરભાઈ પરમાર વિ.પ્રેસીડેન્ટ,[2019(3) CLR 900] ના ચુકાદામાં છ વર્ષ બાદ તકરાર ઉપસ્થિત કરવામાં આવેલ તે હકીકત લક્ષ્ય પર લઈ વિલંબથી તકરાર બીજા પક્ષકાર દવારા ઉપસ્થિત કરેલ હોઈ નામદાર સુપ્રીમકોર્ટના ઉપરોકત પ્રભાકર (સુપ્રા.)ના ચુકાદાને લક્ષ્ય પર લઈ તકરાર હયાત ન હોવાનુ ઠરાવી પીટીશન રદ ફરમાવેલ છે.આમ આ તમામ બાબતો ધ્યાને લેતા આ કામના બીજા પક્ષકાર દવારા રેફરન્સ દાખલ કરવામાં કરેલ ૧૨ વર્ષના વિલંબ બાબતે યોગ્ય કોઈ

ખુલાસો કરેલ ના હોય અગાઉ જણાવેલ ચુકાદા મુજબ આ કામના બીજા પક્ષકાર તા.૦૪/૦૩/૧૦ ના રોજ ઔધોગીક વિવાદ ઉપસ્થીત કરવામાં આવેલ તે તારીખે ખરેખર પક્ષકારો વચ્ચે ઔધોગીક વિવાદ અસ્તીત્વમાં હોવાની હકીકત પુરવાર કરી શકેલ ના હોય મુદાનં.ર નો નિર્ણય નકારમાં આપવામાં આવે છે.

(૧૩) મુધ્દાનં.૩ ::–

ઉપરોકત મુદાનં.૧ તથા ર ના કારણો તથા નિર્ણય ઘ્યાને લેતા આ કામના બીજા પક્ષકાર દવારા પ્રથમ પક્ષકાર સંસ્થામાં કામદાર હોવાની અને રોજમદાર મજુર તરીકે કામગીરી કરતા હોવાની હકીકત તેમજ આ કામના બીજા પક્ષકાર તા.૦૪/૦૩/૧૦ ના રોજ ઔધોગીક વિવાદ ઉપસ્થીત કરવામાં આવેલ તે તારીખે ખરેખર પક્ષકારો વચ્ચે ઔધોગીક વિવાદ અસ્તીત્વમાં હોવાની હકીકત પુરવાર કરી શકેલ નથી તેવા સંજોગમાં આ કામના બીજા પક્ષકાર માંગણાના નિવેદનમાં માંગ્યા મુજબ નોકરીમાં પુન:સ્થાપિત થવા તથા પડેલા દિવસોના પગાર મેળવવા અથવા યોગ્ય વળતર મેળવવા હકકદાર થતા ના હોય મુદાનં.૩ નો નિર્ણય નકારમાં આપવામાં આવે છે.

(૧૪) મુધ્દા નં.૪ ::–

આ કામના બીજા પક્ષકાર દવારા મુદાનં.૧ થી ૩ માં જણાવેલ ચર્ચા તથા નિર્ણય મુજબ તેઓ પ્રથમ પક્ષકાર સંસ્થાના કામદાર હોવાનું તેમજ રોજમદાર મજુર તરીકે કામગીરી કરતા હોવાનું પુરવાર થયેલ ના હોય તેમજ બીજા પક્ષકાર દવારા ઔધોગીક વિવાદ ઉપસ્થીત કરવામાં આવેલ તે તારીખે ખરેખર પક્ષકારો વચ્ચે ઔધોગીક વિવાદ અસ્તીત્વમાં ના હોય આવા સંજોગોમાં આ કામના બીજા પક્ષકાર તેઓના માંગણા નિવેદનમાં માંગ્યાં મુજબની કોઈ દાદ મેળવવા હકદાર થતા ના હોય મુદાનં.૪ લગત ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવમાં આવે છે.

**–:: હુ ક મ ::–**

(૧) આ કામના બીજા પક્ષકારનો હાલનો રેફરન્સ આથી નામંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે.

(ર) આ કામના બીજા પક્ષકાર **શ્રી વિરાભાઈ ધુળાભાઈ માલીવાડ**ને તેમની મુળ જગ્યાએ પડેલા દિવસોના પુરેપુરા પગાર સહીત નોકરીમાં પુન:સ્થાપિત થવા હકદાર **ના** થતા હોવાનું ઠરાવામાં આવે છે.

(૩) હાલનો એવોર્ડ મદદનીશ શ્રમ આયુકતશ્રી,ગોધરાને પ્રસિધ્ધી માટે મોકલી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) મદદનીશ શ્રમ આયુકતશ્રી,ગોધરા તરફથી એવોર્ડની નકલ પ્રસિધ્ધ થઈને આવેથી અધિક્ષકશ્રી,લેબર કોર્ટ ગોધરાને તાત્કાલીક નકલ આપવા બાબતે મજુર અદાલત(પધ્ધતિ અને કાર્યરીતી) નિયમો.૧૯૪૭ના નિયમ.૩૨ ની જોગવાઈ અનુંસારની કાર્યવાહી કરવાનો હુકમ કરવામાં આવે છે.

**સ્થળ : ગોધરા**
**તા.૨૫/૧૧/૨૦૨૩**

**(હીતેશકુમાર અમરભાઈ મકા)**
**પ્રમુખ અધિકારી**
**મજુર અદાલત,ગોધરા.**
**GJ01459**